## કમિશનર ટેકનીકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર

સરકારી ઇજનેરી કોલેજોમાં સહાયક પ્રાધ્યાપકોની ખાલી જગ્યાઓ ૧૧ માસ માટે અથવા ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે નિયમિત નિમણૂંક દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થાય તે બે માંથી જે ઓછું હોય તેટલા સમય માટે કરાર આધારિત ફીક્સ પગારથી જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. ગુજરાત જાહેર સેવા આયોગને મોકલેલ માંગણાપત્રકોની મર્યાદામાં આ પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

સરકારી ઇજનેરી કોલેજોમાં સહાયક પ્રાધ્યાપકો નીચેના ટેબલમાં દર્શાવેલ સંખ્યાની મર્યાદામાં જગ્યાઓ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદાની જોગવાઇ પરિપૂર્ણ કરતા ઉમેદવારો દ્વારા ભરવામાં આવશે.

| ક્રમ | વિધ્યાશાખા | કુલ |
|---|---|---|
| ૧ | એપ્લાઈડ મીકેનિક્સ | ૧૮ |
| ૨ | ઓટોમોબાઈલ ઈજનેરી | ૧૮ |
| ૩ | બાયોમેડીકલ | ૧૩ |
| ૪ | કેમિકલ ઇજનેરી | ૨૨ |
| ૫ | સીવીલ ઇજનેરી | ૭૨ |
| ૬ | કોમ્પ્યુટર ઈજનેરી | ૩૩ |
| ૭ | ઇલેક્ટ્રીકલ ઇજનેરી | ૧૮ |
| ૮ | એન્વાયરમેન્ટલ ઇજનેરી | ૧૧ |
| ૯ | આઈ.સી. ઈજનેરી | ૨૦ |
| ૧૦ | ગણિતશાસ્ત્ર | ૩૨ |
| ૧૧ | માઇનીંગ ઇજનેરી | ૦૯ |
| ૧૨ | પાવર ઈલેક્ટ્રીકલ | ૦૪ |
| ૧૩ | પ્રોડક્શન | ૦૭ |
| ૧૪ | રબર ટેકનોલોજી | ૦૨ |
| ૧૫ | ટેક્ષટાઈલ ટેકનોલોજી | ૦૫ |
| | કુલ:- | ૨૮૪ |

કરારના ધોરણે આપવામાં આવનાર માસિક ફીક્સ વેતનથી નિમણૂંક અંગેની બોલીઓ અને શરતો નીચે મુજબ છે. પસંદ થયેલ ઉમેદવાર તે સાથે સંમત થયેથી નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

૧૧ માસ માટે કરાર ના ધોરણે અપાતી/ માનદ વેતનથી નિમણુકો અંગેની બોલીઓ અને શરતો

૧. નિમણુક મેળવનાર ઉમેદવારને કરારના સમયગાળા દરમ્યાન રૂ. ૩૦,૦૦૦/- માસીક ફિક્સ પગાર/ માનદ વેતન મળશે. તેઓની નિંમણુક કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત ૧૧ માસની અથવા ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે નિયમિત નિમણૂંક દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થાય તે બે માંથી જે ઓછું હોય તેટલા સમય માટે રહેશે.

૨. ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફિક્સ પગારની રકમ/ માનદ વેતન સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

૩. નિયત ફિક્સ પગાર / માનદ વેતન પર કોઈ પણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહિ.

૪. કરારના સમયગાળા દરમ્યાન નિમણુક મેળવનાર ઉમેદવારને ફિક્સ પગાર તેમજ માનદવેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહિ. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગારપંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહિ.

૫. કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહિ.

૬. કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/ નોકરી પેન્શન, બોનસ, એલટીસી, એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઈ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહિ.

૭. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફિક્સ પગાર, માનદવેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબિજનોને મળવાપાત્ર થશે. પરંતુ, બીજા લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહિ.

૮. નિમણુક મેળવનાર ઉમેદવારને સમાનસંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટિસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકાશે નહિ. જાહેરરજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરુરિયાત ને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહિ.

૯. નિમણુક મેળવનાર ઉમેદવારને કરારના સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચુરણ રજા મળવાપાત્ર થશે, અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહિ. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામા આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૦. નિમણુક મેળવનાર ઉમેદવારે કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહિ.

૧૧. ફરજના ભાગરુપે મુખ્ય મથકથી ૮ કિ.મી. બહાર જવાનું થાય તો ૬-કલાકથી વધુ અને ૧૨-કલાક સુધીના રોકાણ માટે રૂ.૧૫/- અને ૧૨-કલાકથી વધુ સમય માટે રૂ.૩૦/- દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે. તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી.બસ/ રેલ્વેનું બીજા વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

૧૨. કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે નોકરી સમાપ્ત કરવામા આવશે.

૧૩. સરકારશ્રી તરફથી વહિવટી હિતમાં બીજી કોઈ જરુરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.

૧૪. વ્યવસાયવેરાની કપાત નિયમાનુસાર ફિક્સ પગાર/ માનદવેતનમાંથી કરી લેવાની રહેશે.

૧૫. નિમણુકના સમય દરમ્યાન ઉમેદવારે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્યસરકારની કોઈ જવાબદારી રહેશે નહિ.

૧૬. કરાર આધારિત ઉચ્ચક વેતનથી/ માનદવેતનથી નિમણુક પામેલ ઉમેદવાર સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહિ.

૧૭. ઉપરોક્ત શરતો નિમણુક પામનાર ઉમેદવારને સ્વિકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

૧૮. આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

૧૯. કરાર આધારિત ફરજ ઉપર જોડાતા પહેલા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૨૦. કરારથી ફિક્સ પગારથી/ માનદવેતનથી જોડાનાર ઉમેદવારે કરાર કરવાનું સ્વિકારતા પહેલા તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તો પર્સનલ એક્સીડન્ટ યોજના અંતર્ગત વિમો મેળવી લેવાનો, અદ્યતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજુ કરવાનો રહેશે. આ અંગે વિમાના પ્રિમિયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહિ.

## ઉમેદવારો માટે જરૂરી સૂચનાઓ

(૧) ઉમેદવાર સરકારી ડીગ્રી ઇજનેરી સંસ્થાઓ ખાતે સહાયક પ્રાધ્યાપકની જગ્યા માટે અરજી કરવા માટે ભરતી નિયમો મુજબ સંબંધિત વિદ્યાશાખામાં અનુસ્નાતક/સ્નાતકની પ્રથમ વર્ગની પદવી ધરાવતો હોવો જોઇએ. આ માટેની વધુ વિગતો જાહેરાતમાં દર્શાવેલ છે.

(૨) આ જગ્યાઓ ઉપર અરજી કરવા માટે ઉમેદવાર ૩૫ વર્ષથી વધુ ઉંમરનો ન હોવો જોઇએ. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૩) શૈક્ષણિક લાયકાત તથા વય મર્યાદામાં માટે કટ ઓફ તારીખ: ૧૬/૦૯/૨૦૧૬ રહેશે.

(૪) કરાર આધારિત વિધ્યાશાખાવાર ભરવાની થતી જગ્યાઓની સંખ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને બોલાવવામાં આવશે. આ માટે વિધ્યાશાખાવાર અને અનામત કક્ષાવાર cut off માર્ક નક્કી કરવામાં આવશે. જેની વિગતો CTEની વેબસાઇટ (http://dte.gswan.gov.in) પર મૂકવામાં આવશે. કટ ઓફ માર્કસ સુધીના ઉમેદવારોને નિમણૂંક માટે રૂબરૂ ઉપસ્થિત રહેવા CTEની વેબસાઇટ (http://dte.gswan.gov.in) પરથી જાણ કરવામાં આવશે. આ બાબતે કોઇ અલગથી જાણ કરવામાં આવશે નહી.

(૫) મેરીટના ધોરણે નિમણુક માટે રૂબરૂ ભરતી પ્રક્રિયાની તમામ વિગતો CTE ની વેબસાઇટ (http://dte.gswan.gov.in) પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૬) ઓન લાઇન ફોર્મ ભરતી વખતે ઉમેદવારને જે ડીગ્રી એનાયત કરવામાં આવેલ હોય અને જેના ઉપરથી ગ્રેડ(ફસ્ટ કલાસ/ડીસ્ટીંગકશન વિગેરે) નક્કી કરવામાં આવતો હોય તેના આધારે માર્કસની ચોકસાઇ પૂર્વકની એન્ટ્રી કરવાની રહેશે. જે યુનિવર્સિટીના કિસ્સામાં માર્કસને બદલે CPI/SPI/CGPA આપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ઉમેદવારોએ પોતાની યુનિવર્સિટીના ધોરણો અનુસાર CPI/SPI/CGPA/ગ્રેડને માર્કસમાં રૂપાંતરિત(convert) કરી દર્શાવવાના રહેશે. જો કોઇ ઉમેદવાર ખોટી માહિતી આપશે તો તેની અરજી રદ થવાપાત્ર રહેશે. જે યુનિવર્સિટી દ્વારા CPI/SPI/CGPA કનવર્ટની સ્પષ્ટતા કરવામાં આવેલ ના હોય તેવા કિસ્સાઓમાં AICTE ના ધોરણો મુજબ ટકાવારીની ગણતરી કરવામાં આવશે. નિમણૂક વખતે રૂબરૂ મુલાકાત દરમ્યાન ઉમેદવારે આ બાબતે યોગ્ય આધાર રજૂ કરવાનો રહેશે.

(૭) ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ઉમેદવારે પોતાનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. આપવાનું ફરજિયાત રેહેશે.

(૮) ઓન લાઈન ફોર્મ ભર્યા બાદ રજીસ્ટ્રેશન કન્ફર્મ કરી બાર કોડેડ કન્ફરમેશન નંબર વાળા રજીસ્ટ્રેશન ફોર્મની પ્રિન્ટ કાઢી રુબરુ મુલાકાત સમયે સાથે લાવવાની રહેશે.

(૯) ડીગ્રી ઇજનેરી સંસ્થાઓ ખાતે સહાયક પ્રાધ્યાપકની જગ્યા માટે મેરીટ લીસ્ટ અનુસ્નાતક કક્ષાએ મેળવેલ પદવી માટે માન્ય ગુણના ૬૦ ટકા અને સ્નાતક કક્ષાએ મેળવેલ પદવી માટે માન્ય ગુણના ૪૦ ટકા લેખે ગણીને તૈયાર કરવામાં આવશે.

(૧૦) કમિશનર કચેરીએથી નિમણૂંક મેળવતાં પૂર્વે ઉમેદવારે ૧૧ માસ પૂર્ણ થયે છૂટા કરવાની કાર્યવાહી કરવામાં આવતાં તેઓ નામ. કોર્ટમાં આશરો લેશે નથી તે મતલબની બાંહેધરી આપવાની રહેશે.